ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૮૩ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં નવરાત્રી ઉજવણીમાં રંગત જામી

ગાંધીનગર, તા.૧૧

આદ્યશકિત માં અંબાની આરાધનાનું પર્વ નવરાત્રી મહોત્સવની રંગત જામી છે ત્યારે શહેરના દરેક સેકટરો-સોસાયટીઓમાં શહેરીજનો માં અંબેની આરાધના ગરબે ઘુમીને કરી રહ્યા છે. આ વર્ષે શહેરમાં સુંદર શેરી ગરબાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખેલૈયાઓ મન મુકીને ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. શહેરમાં મંદિરો મનમોહક રોશનીથી ઝગમગી ઉઠયાં છે.

નવરાત્રીના જેમ જેમ દિવસો પસાર થઈ રહ્યા છે તેમ ધીમે ધીમે શહેરીજનો પણ મોટી સંખ્યામાં ગરબે ઘુમતા જોવા મળી રહ્યા છે. માઈભકતો આરતી-પ્રસાદ તેમજ ગરબે ઘુમી માતાજીને રીઝવવાનો પ્રયાસ કરે છે.

શહેરની વિવિધ સંસ્થાઓ અને શાળાઓમાં પણ નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ગરબા સ્પર્ધાઓનું આયોજન કરીને ખેલૈયાઓનો ઉત્સાહ વધારવામાં આવી રહ્યો છે. પાર્ટી પ્લોટના કારણે ખાલીખમ રહેતા શેરી ગરબા હાલમાં ભરચક જોવા મળી રહ્યાં છે. તેમાંય ડીજેના તાલે ખેલૈયાઓ સહિત અબાલ વૃધ્ધ સૌ કોઈનો ગરબે ઘૂમવાનો ઉત્સાહ અનેકગણો વધી જાય છે.

કોરોના મહામારીના કારણે નવરાત્રી સંચાલકો દ્વારા કોરોનાની થીમ પર સજાવટ કરવામાં આવી રહી છે. જેમાં કોરોનાના ચિત્રો અને વેકિસનની રચનાથી મંદિરની સજાવટ કરવામાં આવી છે. અને ભકતો દ્વારા પ્રાર્થના કરવામાં આવી રહી છે કે કોરોના જેવી મહામારી હવે આપણા દેશમાં ફરીથી ના ફેલાય. શેરી ગરબા અને સોસાયટીઓમાં ગરમા ગરમ નાસ્તાઓના આયોજન કરવામાં આવ્યા છે. ઉપરાંત ન્યુ ગાંધીનગર વિસ્તારોમાં ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે જેમાં અવનવી વાનગીઓ પીરસવામાં આવી રહી છે. આમ ઉલ્લાસભેર નવરાત્રીની ઉજવણી કરવામાં આવી રહી છે.

નવરાત્રી પર્વ નિમિતે ન્યુ ગાંધીનગર કુડાસણની કાનમ-૨માં માથે ગરબો મુકીને નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ખેલૈયાઓ ઉત્સાહપૂર્વક ગરબા રમી રહ્યા છે.

સે-૨૨ શ્રેયસ સોસાયટીમાં ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

સેકટર-૨૨ શ્રેયસ સોસાયટીમાં નવરાત્રી પર્વ નિમિત્તે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે વાસુદેવ ફાઉન્ડેશનના ફાઉન્ડર ડૉ. વેદાંગીએ કર્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે નિરાલી જોશીએ સેવા બજાવી હતી. વિજેતા ખેલૈયાઓને ટ્રોફી અને મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્કાર ભારતીના ભીખુદાન ગઢવીના સંગીત અને ગરબાએ ખેલૈયાઓનો જોશ વધાર્યો હતો.

સેકટર-૨૨ વાસ્તુનિર્માણ સોસાયટીમાં ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

માં અંબાવાળી ચોક, વાસ્તુનિર્માણ સોસાયટી સેકટર-૨૨ના રહીશો દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. વાસ્તુનિર્માણ સોસાયટીના પરિવારના અંદાજે ૩૦૦ પારિવારિક સભ્યો આ મહોત્સવમાં ભાગ લઈ રહ્યા છે. આ મહોત્સવની સફળતાનો યશ મુખ્યત્વે બિપીનભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ, શિરીષ સુતરીયાને ફાળે જાય છે. તેઓના અથાગ પ્રયાસોના કારણે સોસાયટીનાં તમામ સભ્યો આ નવરાત્રી મહોત્સવનો લાભ લઈ રહ્યા છે.

વેદિક એસ્ટ્રોલોજી ફાઉન્ડેશન દ્વારા 'વર્લ્ડ હેલ્થ અવેરનેસ ડે' અંતર્ગત કાર્યક્રમ યોજાયો

વેદિક અસ્ટ્રોલોજી ફાઉન્ડેશન દ્વારા 'વર્લ્ડ હેલ્થ અવેરનેસ ડે' અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જે વેદિક એસ્ટ્રોલોજી ફાઉન્ડેશન પ્રમુખ વિષ્ણુ વૈષ્ણવ દ્વારા આયોજન સે-૩માં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિવિલ હોસ્પિટલના ડોકટર પેનલે હાજરી આપી હતી.

એસ.વી. સ્કૂલમાં ઓનલાઈન નવરાત્રિ પર્વની ઉજવણી

એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં ઓનલાઈન નવરાત્રિ પર્વ ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. શક્ષિકાઓએ બાળકોને માં દુર્ગાની તથા મહિષાસૂરની વાર્તા કહી, નવરાત્રિ અંગે જાણકારી આપી હતી. શાળાના નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. ના બાળકોએ રંગબેરંગી ટ્રેડિશનલ વસ્ત્રોમાં સજ્જ થઈને, અવનવા ગરબાની ધૂન ઉપર ઓનલાઈન કલાસમાં ગરબાની મજા માણી હતી. શાળાના શિક્ષકોએ પણ આ ઉજવણીમાં તેમને સાથ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

લાયન્સ કલબ ફેમિના દ્વારા જરૂરિયાતમંદોને ભોજન વિતરણ

ગાંધીનગર, તા.૧૧

લાયન્સ કલબ ફેમિના દ્વારા જરૂરિયાતમંદોને ભોજન આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયન્સ ફેમિના તરફથી ડિસ્ટ્રિકટ પ્રોજેકટ અંતર્ગત તથા માર્ગદર્શનથી ચરેડી વિસ્તારના શ્રમિક પરિવાર માટે ભોજનનું આયોજન કર્યું હતું. ફૂડ ફોર હંગર એ કલબનો મહત્વનો પ્રોજેકટ છે સેવાના આ ઉમદા કાર્યમાં પ્રમુખ વૈશાલીબેન જોષીની સાથે એડીશનલ કેબિનેટ સેક્રેટરી જયંતિભાઈ પટેલ તથા લાયન્સ ફેમિના સભ્યોએ હાજર રહી સહકાર આપ્યો હતો.

સરસ્વતી વિદ્યાલયમાં ગરબા કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

સરસ્વતી વિદ્યાલય સેકટર-૬માં નવરાત્રિ પર્વના અનુસંધાનમાં ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૬ થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કેજીથી ધોરણ ૫ સુધીના વિદ્યાર્થીઓએ પરંપરાગત પોષાકમાં સજ્જ થઈને પોતાના ગરબા ગાતા વિડિયો તેમજ ફોટા ઓનલાઈન ગ્રુપમાં મુકયા હતા. આ કાર્યક્રમમાં શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ હાજરી આપી હતી. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થયેલા વિદ્યાર્થીઓને શાળાના પ્રમુખ તેમજ આચાર્યના હસ્તે ઈનામ આપ્યુ હતું.

જન્મદિને વધામણી

ડો. ખ્યાતિ સતિષભાઈ પટેલ

જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય
લાયોનેસ કલબ

શૌર્ય મહેશકુમાર રાવત

એસ.કે. પટેલ સ્કૂલમાં નવરાત્રિ પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

એસ. કે.પટેલ કે.જી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઓનલાઈન કલાસમાં ભૂલકાઓએ કેડિયું, ચણિયાચોળી પહેરીને ગરબાની મજા માણી હતી. આચાર્ય દિપાલી જોષીએ ભૂલકાંઓને અને શાળાના પરિવારને નવરાત્રી પર્વ ની શુભેચ્છા પાઠવી હતી.

નવરાત્રી પર્વની ઉજવણી વિવિધ સોસાયટીઓમાં કરવામાં આવી રહી છે ત્યારે સ્વપ્નવિલા-૩ બંગલો પેથાપુરમાં બાળકોએ સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈને ગરબાનો આનંદ લીધો હતો.

આજે સાતમા નોરતે માતા કાળરાત્રીની પૂજાનો મહિમા

માં કાળરાત્રિની આરાધના કરવાથી ભૂતપ્રેત ભયભીત થઈ દૂર જ રહે છે : નવ સ્વરૂપો પૈકી મહાસપ્તમીનું કાળરાત્રિ સ્વરૂપ માં દુર્ગાનું ભયંકર રૂપ છે

ગાંધીનગર, તા.૧૧

જગતજનની જગદંબાનું નવલું પર્વ નવરાત્રીનું આજે સાતમું નોરતું છે ત્યારે હવે પછી માતાજીના હવન અને નૈવેધની તૈયારીઓ શ્રધ્ધાળુઓ દ્વારા હાથ ધરાઈ છે. આજે સાતમા નોરતે માતા કાળરાત્રિની પૂજા કરવામાં આવશે જેનાથી અભય વરદાનનો લાભ મેળવવાનો સાધકો પ્રયાસ કરશે. સ્વરૂપો પૈકી આ મહાસપ્તમીનું કાળરાત્રિ સ્વરૂપ માં દુર્ગાનું ભયંકર રૂપ છે જે સંસારના પાપીઓના નાશ માટે ધારણ કરવામાં આવ્યું છે.

માં આદ્યશકિતના સાતમા નોરતે મહાસપ્તમી પર માતા કાળરાત્રિના પૂજન-અર્ચન કરવામાં આવશે. શકિતનું આ સ્વરૂપ દુશ્મન અને અનિષ્ટનો નાશ કરનાર છે. માં કાળરાત્રિ દેવીએ શુંભ-નિશુંભ જેવા રાક્ષસોનો વધ કર્યો હતો. માં કાળરાત્રિનું સ્વરૂપ ખૂબ જ ભયંકર છે અને આ ભયાનકરૂપ તેના ભકતોને હંમેશા શુભ ફળ આપે છે જેથી તેઓ શુભંકરી તરીકે પણ પૂજાય છે. શાસ્ત્રોમાં આ દેવીને ત્રિનેત્રી કહેવામાં આવી છે. માં કાળરાત્રિનો રંગ ઘોર અંધકારની જેમ કાળો છે. માતાના વાળ વીખરાયેલા છે. તેમના ગળામાં વિજળની જેમ ચમકતી વિદ્યુતમાળા છે. માતાજીને ત્રણ નેત્ર છે જે બ્રહ્માંડની જેમ ગોળ છે. તેમના શ્વાસમાંથી સતત અગ્નિની જવાળાઓ નીકળી રહી છે. તેમનું વાહન ગંદર્ભ (ગધેડો) છે તેમના જમણા હાથની વરમુદ્રા દરેકને વર પ્રદાન કરે છે. જમણા તરફ નીચેનો હાથ અભય મુદ્રામાં છે. ડાબી તરફના ઉપરના હાથમાં લોહ અસ્ત્ર અને નીચેના હાથમાં તલવાર છે. આ દિવસે ઉપાસકનું મન સહસ્ત્રાર ચક્રમાં સ્થિર રહે છે. અને તેનાથી ઉપાસકના તમામ પાપનો વિનાશ થઈ અક્ષય પુણ્યલોકની પ્રાપ્તિ કરે છે. આ માતાજીને ખીચડી, પાપડ અને રસગુલ્લાનો પ્રસાદ ધરાવાય છે. આ દિવસે માં કાલરાત્રિનું પૂજન કરવાથી દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂતપ્રેત વગેરે ભયભીત થઈ દૂર રહે છે અને ભકતને અભય વરદાન પ્રાપ્ત થાય છે.

નવરાત્રીની આ મહાસપ્તમીના આ સ્વરૂપને કેટલાક તાંત્રિક, ભૂવા વગેરે રાત્રી સાધના કરી તેની કૃપા મેળવવાના પ્રયાસો કરે છે પરંતુ માં જગદંબાનું આ સ્વરૂપ શ્રધ્ધાથી કરેલા પૂજન અને અર્ચનને વરેલું છે.

શહેરમાં નવરાત્રી પર્વે ફુલોની માંગમાં ત્રણ ગણો વધારો

ગુલાબ ૨૫૦ થી ૩૦૦ રૂપિયે કિલો, સેવંતી ૨૦૦ રૂપિયે કિલો, હઝારીગલનો ૨૦ કિલોના ૬૦૦થી ૧૦૦૦ રૂપિયા ભાવ...

ગાંધીનગર, તા.૧૧

નવરાત્રી મહોત્સવ નિમિત્તે શહેરના ફુલ માર્કેટમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. નવરાત્રીની ઉજવણીની સાથે ફુલની માંગમાં વધારો જોવા મળ્યો છે. ગુલાબ ૨૫૦ થી ૩૦૦ રૂપિયે કિલો, ગલગોટા ૫૦ થી ૭૦ રૂપિયા અને સેવંતી ૨૦૦ રૂપિયા કિલો, જયારે હઝારીગલનો ૨૦ કિલોના ૬૦૦થી ૧૦૦૦ રૂપિયા ભાવ જોવા મળી રહ્યો છે.

નવરાત્રી ટાણે ફૂલોના ભાવમાં વધારો નોંધાયો છે. ૧૦ થી ૧૫ રૂપિયામાં મળતો ફૂલોનો હાર ૨૦ થી ૩૦ રૂપિયામાં ફૂલહારના વેપારીઓ વેચી રહ્યા છે. ગાંધીનગરમાં ફૂલનો વ્યાપાર કરતા વ્યાપારીઓ અમદાવાદના જમાલપુર વિસ્તારમાંથી હોલસેલમાં વધારે માત્રામાં ફૂલો મંગાવી રહ્યા છે. ફૂલોનું વેચાણ ૩ ગણું વધી ગયુ છે. તહેવારો આવતાની સાથે જ ફૂલમાર્કેટમાં તેજી આવી ગઈ છે. સામાન્ય દિવસોમાં ફૂલોની માંગ તો હોય છે પણ તહેવારોમાં પૂજાવિધિ અને શણગાર માટે ફૂલોનો વધુ ઉપયોગ થાય છે.

ગુજરાતમાં ફૂલોના પાકનું વાવેતર માત્ર ૧૦ થી ૨૦ ટકા જ થાય છે જયારે ૮૦ થી ૯૦ ટકા ફૂલોના પાકનું વાવેતર ગુજરાત આસપાસના રાજયોમાં થાય છે. તામિલનાડુ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશમાં ફૂલોની ખેતી વધુ પ્રમાણમાં થાય છે. પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાથી ટ્રાન્સપોર્ટ સેવામાં ભાવવધારો થયો છે અને દરેક વસ્તુ જે દૂરથી સપ્લાય થાય છે તેમાં ભાવ વધારો નોંધાઈ રહ્યો છે. જેનો લાભ ધંધાર્થીઓને મળી રહ્યો છે. ગુજરાત બહારના રાજયોમાંથી ફૂલોની માંગ રહે છે.

સામાન્ય દિવસોમાં ફૂલોના ભાવ હોય તેના કરતા બે થી ત્રણ ગણા ભાવ વધી ગયા છે. સામાન્ય દિવસ કરતા તહેવારોમાં તમામ વસ્તુઓના ભાવ વધી જાય છે અને મોંઘવારીમાં પીસાતી જનતાને તહેવારોમાં વધારે મોંઘી ચીજ વસ્તુઓ ખરીદવી પડે છે.

શહેરમાં સામાન્ય દિવસોમાં મંદિરોની આસપાસ પૂજાપાની અને ફૂલોની લારીઓ જોવા મળતી હોય છે. પરંતુ તહેવારોમાં ફૂલહારની ડિમાન્ડ વધવાથી મંદિરો ઉપરાંત અનેક વિસ્તારોમાં પૂજાપા અને ફૂલહારની લારીઓ જોવા મળી રહી છે. જેમાં ગલગોટાના ફૂલો સૌથી વધારે પ્રમાણમાં જોવા મળે છે. ગલગોટા, ગુલાબ, સેવંતી વગેરે ફૂલોને એક પછી એક ગોઠવીને સુંદર હાર બનાવવામાં આવે છે.

નવરાત્રિ પર્વ નિમિત્તે નવે નવ દિવસ માતાજીની પૂજા અર્ચના કરવા માટે ભકતો દ્વારા પૂજાપો અને ફૂલહારની ખરીદી નવરાત્રીમાં વધારે પ્રમાણમાં જોવા મળી રહી છે. જેથી વેપારીઓમાં પણ આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. સુંદર ગુલાબ અને ગલગોટાની સુગંધથી આસપાસનું વાતાવરણ પણ સુગંધિત બની જાય છે. આ ફૂલોથી શેરી અને સોસાયટીઓમાં સજાવટ કરવામાં આવી છે. જેમાં રંગબેરંગી ફૂલોની સાથે મંડપ અને રંગીન લાઈટવાળી સીરીઝોથી સજાવટ કરીને ખેલૈયાઓ માતાજીના ગરબા ભકિતભાવથી રમી રહ્યા છે.